### રાજકીય દબાણ છતાં પોલીસે બંનેને લોકઅપ ભેગા કર્યા

## દારૂના નશામાં બેફામ ગાડી ચલાવતા કાલોલ ભાજપના માજી મહામંત્રી અને સાગરીત ઝડપાયા

(પ્રતિનિધિ) કાલોલ, તા.6
કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસે પ્રોહિબિશન એક્ટ અને મોટર વ્હીકલ એક્ટના કાયદા હેઠળ મોટી કાર્યવાહી કરી છે. સાગાના મુવાડાથી સાતમણા તરફ જવાના રોડ પર રવિવારે સાંજે આશરે 07:15 વાગ્યે દારૂ પીધેલી હાલતમાં વાહન ચલાવતા અને જાહેરમાં લથડિયા ખાતા બે ઈસમોને કાલોલ પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં કાલોલ શહેર ભાજપ સંગઠનના માજી મહામંત્રી હર્ષ ચેતનભાઈ કાછીયા (ઉંમર વર્ષ 35, રહે. નવાપુરા, કાલોલ) અને વિરેન્દ્રસિંહ વિજયસિંહ ખેર (ઉંમર વર્ષ 55, રહે. ઓમકારેશ્વર





સોસાયટી, કાલોલ) જેઓ વ્યવસાએ સરકારી દુકાનદાર/ખેતી સાથે સંકળાયેલા છે, તેમનો સમાવેશ થાય છે. કાલોલ પોલીસ મથકના પીએસઆઇ એસ આર મકવાણા તેમજ સ્ટાફ સહિતનો કાફલો જ્યારે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો, ત્યારે એક વાદળી રંગની એક્ટિવા મોટરસાયકલ (નંબર: GJ-17-BD-6164) રોડ પર વાંકીચૂકી અને રેલાતી આવતી જણાઈ હતી. પોલીસે ગાડી રોકીને તપાસ કરતા ચાલક હર્ષ કાછીયા અને પાછળ બેઠેલા વીરેન્દ્રસિંહ ખેર બંને દારૂ પીધેલી હાલતમાં હોવાનું માલૂમ પડ્યું હતું. ગાડી ચલાવી રહેલા હર્ષ ચેતનભાઈ કાછીયા પાસે ડ્રાઈવિંગ લાયસન્સ ન હતું અને તે દારૂના નશામાં તોતડાતી જીભે વાત કરતો હતો. પોલીસે તેની સામે મોટર વાહન અધિનિયમની કલમ 185, 3, 181 અને પ્રોહિબિશન એક્ટની કલમ 66(1)(b) હેઠળ ગુનો નોંધી રૂ. 25,000/- ની એક્ટિવા ગાડી કબજે લીધી છે.મોટરસાયકલ પાછળ બેઠેલા વીરેન્દ્રસિંહ ખેર પ્રોહિબિશન પ્રતિબંધિત વિસ્તારમાં વગર પાસ-પરમિટ દારૂ પીધેલી હાલતમાં જાહેરમાં લથડિયા ખાતા અને બકવાટ કરતા મળી આવતા પોલીસે તેમની સામે ગુજરાત પ્રોહિબિશન સુધારા અધિનિયમ 2016ની કલમ 85 અને 66(1)(b) હેઠળ અલાયદો ગુનો દાખલ કર્યો છે. હર્ષ કાછીયા ભાજપ સંગઠનના માજી હોદ્દેદાર હોવાના કારણે અને વિરેન્દ્ર ખેર સ્થાનિક હોવાથી તેમજ ટોચના નેતાઓ ના સગા થતા હોય આ ઘટનાની જાણ થતાં જ કાલોલ પોલીસ સ્ટેશનમાં સ્થાનિક નેતાઓ અને કાર્યકરોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

## દાહોદ પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા રોપા વિતરણનો નવતર કીર્તિમાન



દાહોદ : પ્રકૃતિ મિત્ર મંડળ દાહોદ, સામાજિક વનીકરણ વિભાગ, દાહોદ તથા પશ્ચિમ રેલવે રતલામ મંડળના સંયુક્ત ઉપક્રમે પશ્ચિમ રેલવે દ્વારા ફ્રીલેન્ડગંજ ખાતે ફાળવવામાં આવેલ 'પ્રકૃતિવન'માં રોપા વિતરણ મહોત્સવ ખૂબ સફળતાથી સંપન્ન થયો હતો. પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા દર વર્ષે થતા સઘન વૃક્ષારોપણ અંતર્ગત આ વર્ષે આ રોપા વિતરણ મહોત્સવમાં મોટા વૃક્ષો અને ઘર આંગણે ઉછેરાતાં ફૂલના નાના છોડ એમ બે પ્રકારે વિતરણ થયું હતું.

### ૬ માસ અગાઉ પોલીસ સાથે બોલાચાલી કરી ઝપાઝપી કરી હતી

## હાલોલ કોર્ટે પ્રતીક જોશીને આપેલા જામીન રદ કરાવવા સરકાર ગુજરાત હાઈકોર્ટના શરણે

(પ્રતિનિધિ) કાલોલ, તા.6
ગત જાન્યુઆરી મહિનામાં કાલોલ એમજીએસ ગરનાળા પાસે કાર ચાલકે પોતાનું કાળા કાચ તથા લાકડાના દંડા વાળુ વાહન પુરઝડપે હંકારી જતા ગંદો ઈશારો કરતા પોલીસે તિરંગા સર્કલ પાસે રોકતા કારમાં રહેલા એક યુવક અને બે મહિલાઓ દ્વારા બોલાચાલી કરી હતી જેમાં કાલોલ નગરપાલિકાના કાઉન્સિલર જ્યોત્સનાબેન બેલદાર ત્યાં આવી પહોંચ્યા હતા અને પોલીસ સાથે ગેરવર્તન કરી પીઆઈ આર ડી ભરવાડ અને સ્ટાફ સાથે ગમે તેમ બોલી સ્વીફ્ટ ગાડીની ચાવી કાઢી લઈ ગાડી અહીંથી હટશે નહી તારા બાપની ગાડી નથી ગાડીને હાથ લગાડ્યો તો હાથ તોડી નાંખીશ હુ અહીંની લોકલ છુ.તમારી પર હુમલા કરાવીશ અહીંથી જીવતા જવા નહીં દઈએ તેમ કહી વુમન કોન્સ્ટેબલ સુનીતાબેન અને શિલ્પાબેન ને હાથ ઉપર ઈજાઓ કરી વુમન કોન્સ્ટેબલ નો હાથ મચકોડી નાંખી ઝપાઝપી કરતા ઈજાઓ પહોંચી હોવાની ફરિયાદમાં પ્રતીક જોશી સહિત ચાર મહિલાઓ સામે ગુનો નોંધાયો હતો.

જેમાં આરોપી પ્રતીકકુમાર સુરેન્દ્રભાઈ જોશીને હાલોલ એડી. સેશન્સ કોર્ટ દ્વારા અરજી નંબર 22/2026 થી રેગ્યુલર જામીન આપવામાં આવેલા જે જામીન રદ કરાવવા માટે કાલોલ પોલીસ દ્વારા કાયદા વિભાગ પાસે મંજૂરી માંગવામાં આવી હતી. કાયદા વિભાગ તરફથી લીલી ઝંડી મળી જતાં, સરકાર દ્વારા આરોપીના જામીન રદ કરવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી દાખલ કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટિસ સંજીવ જે. ઠાકરની અદાલત સમક્ષ આ કેસ સુનાવણી પર આવ્યો હતો. નામદાર હાઈકોર્ટે બંને પક્ષોની રજૂઆતોને ધ્યાને લઈને આ મામલાની વધુ સુનાવણી આવતીકાલે 07 જુલાઈ 2026 પર મુલતવી રાખી છે.

### રવિવારની રજા હોવાથી મોટી જાનહાનિ ટળી

## સંજેલી-સૂલિયાત માર્ગ પર બેકાબૂ ટ્રક હાઈસ્કૂલના દરવાજામાં ઘૂસી

ધડાકાભેર ટ્રા અથડાતા શાળાના પ્રવેશદ્વારને ભારે નુકસાન

(પ્રતિનિધિ) દાહોદ, તા.6
સંજેલી-સુલિયાત-ગોધરા માર્ગ પર રવિવારે એક અકસ્માત સર્જાયો હતો. એક બેકાબૂ કાળજું કંપાવી દેનારો ભયાનક બનેલી ટ્રક ધડાકાભેર સંજેલીની પ્રખ્યાત 'ડૉ. શિલ્પન આર. જોશી. હાઈસ્કૂલ'ના મુખ્ય પ્રવેશ દ્વારમાં ઘૂસી ગઈ હતી. સદનસીબે હોવાથી એક મોટી જાનહાનિટળી રવિવારના કારણે શાળામાં રજા છે.અકસ્માત એટલો પ્રચંડ હતો કે ટ્રકે રસ્તાના કિનારે આવેલી વીજ લાઈનની ટ્રાન્સફોર્મર (ડીપી)ને જોરદાર ટક્કર મારી હતી. આ દૂર ઉડીને હાઈસ્કૂલના ટક્કરને કારણે ડીપી મુખ્ય ગેટની અંદર જઈને પડી હતી. ટ્રક ગેટ તોડીને અંદર ઘૂસી જતાં શાળાના મુખ્ય પ્રવેશદ્વારને ભારે નુકસાન થયું હતું. ધડાકો સ્થાનિક રહીશો અને દુકાનદારોમાં એટલો જોરદાર હતો કે આસપાસના ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો ભગવાન નો ઉપકાર છે કે આજે રવિવાર હતો. જો ચાલુ શાળાએ આ ઘટના બની હોત, તો વિદ્યાર્થીઓ હોત તો મોટી હોનારત સજાઈ હોત. અકસ્માતની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા હાઈસ્કૂલના આચાર્ય પણ દોડી આવ્યા હતા ઘટનાની ગંભીરતાને લઈ સંજેલી પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળપર દોડી આવ્યો હતો. પોલીસે પરિસ્થિતિનું નિરીક્ષણ કરી, ટ્રાફિક હળવો કરાવીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી આમ બેદરકારી પૂર્વક અને બેફામ ગતિએ દોડતા ભારે વાહનોને કારણે સ્થાનિક લોકોમાં ભારે ચિંતા અને રોષ જોવા મળી રહ્યો છે. રહીશો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે તંત્ર દ્વારા કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવા નફફટ વાહનચાલકો સામે કાર્યવાહી. કરવામાં આવે જેથી ભવિષ્યમાં આવા જીવલેણ અકસ્માતો અટકાવી શકાય.

## દાહોદ જિલ્લામાં તા.૨૨મી જુલાઈએ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

(પ્રતિનિધિ) ફતેપુરા, તા.6
દાહોદ જિલ્લામાં તા.૨૨મી જુલાઈએ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તેમજ તા.૨૩ જુલાઈના રોજ જિલ્લા સ્વાગત ફરીયાદ યોજાશે સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમની રાજ્ય અને જિલ્લા કક્ષાએ મળેલી સફળતા બાદ મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્યના નાગરિકોના ગામ કે તાલુકા કક્ષાના પ્રશ્નો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ દર માસે યોજવાનું સૂચન કર્યું છે.

જે અન્વયે, દાહોદ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૨ જુલાઈના બુધવારના રોજ સવારના ૧૧:૦૦ કલાકથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી યોજવામાં આવશે. તેમજ તા.૨૩ જુલાઈના રોજ જિલ્લા સ્વાગત ફરીયાદ યોજાશે. અરજદારોએ આગામી તા.૧૦ જુલાઈ સુધીમાં તાલુકા સ્વાગત કાર્યક્રમના મથાળા હેઠળ તેમનો પ્રશ્ન/અરજી મામલતદાર કચેરીના સરનામાં પર મોકલી દેવાની રહેશે. અરજી મોકલતી વખતે અરજદારોએ આ તમામ બાબતોનું પાલન કરવાનું રહેશે.

જે અંતર્ગત, જો તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીને પ્રથમ લેખિતમાં રજુઆત કરેલી હોવી જોઈએ અને જો જિલ્લા કક્ષાનો પ્રશ્ન હોય તો જવાબદાર અધિકારીને પ્રથમ લેખિતમાં રજુઆત કરેલી હોવી જોઈએ. કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ પૂરતા આધાર- પુરાવા સાથે રજુઆત કરી શકશે.

### ગૌસેવા, ગૌરક્ષા અને જનજાગૃતિ માટે સતત કાર્યરત રહેવાનો નિર્ધાર

## પાવાગઢ ખાતે ગૌ આહ્વાન અભિયાનની બેઠક યોજાઈ, ૨૭ જુલાઈએ કલેક્ટરને આવેદનપત્ર

બેઠકમાં વિવિધ આશ્રમોના સંતો-મહંતો, ગૌભક્તો, સામાજિક આગેવાનો તથા વિવિધ હિન્દુ સંગઠનોના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

(પ્રતિનિધિ) હાલોલ, તા.6
હાલોલ પાવાગઢ સ્થિત રામ ટેકરી હનુમાનજી મહારાજ મંદિર તથા ગરબડ દાસ આશ્રમ ખાતે આજરોજ ગૌ આહ્વાન અભિયાન અંતર્ગત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં આગામી તા. 27 જુલાઈના રોજ પંચમહાલ જિલ્લા કલેક્ટરને ગૌમાતાને રાષ્ટ્રીય માતાનો દરજ્જો આપવાની માંગ સાથે આવેદનપત્ર રજૂ કરવા અંગે આયોજન અને તૈયારીઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે કચ્છથી પધારેલા યોગી દેવનાથજી મહારાજની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમણે



ગૌરક્ષા, ગૌસંવર્ધન અને ભારતીય સંસ્કૃતિમાં ગૌમાતાના સ્થાન અંગે માર્ગદર્શન આપતાં સમાજના તમામ વર્ગોને આ અભિયાનમાં જોડાવા આહ્વાન કર્યું હતું. બેઠકમાં વિવિધ આશ્રમોના સંતો-મહંતો, ગૌભક્તો, સામાજિક આગેવાનો તથા વિવિધ હિન્દુ સંગઠનોના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ ગૌમાતાને રાષ્ટ્રીય માતાનો દરજ્જો આપવા માટે સરકાર સમક્ષ લોકલાગણી પહોંચાડવા અને આવેદન કાર્યક્રમને સફળ બનાવવા સંકલ્પ વ્યક્ત કર્યો હતો. અંતે સૌએ ગૌસેવા, ગૌરક્ષા અને જનજાગૃતિ માટે સતત કાર્યરત રહેવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

### નવરચના ગુરુકુળના વિદ્યાર્થીઓની ઉત્કૃષ્ટ સિદ્ધિ

## ઓકસફોર્ડ યુનિ.ની પ્રેસની રાષ્ટ્રીય અને શાળા કક્ષાની સ્પર્ધાઓમાં ઝળકી



(પ્રતિનિધિ) કાલોલ, તા.6
કાલોલ સ્થિત નવરચના ગુરુકુળના વિદ્યાર્થીઓએ Oxford University Press દ્વારા આયોજિત Oxford Advantage Masterminds 2025-26 તથા Oxford Big Read (Reading Buddy) સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શાળા અને વિસ્તારનું ગૌરવ વધાર્યું છે. Oxford AdvantageMasterminds 2025-26 - National Winners નક્ષ ગોસ્વામી, મહેક રાઠોડ, મિષ્ટી યાદવ, પ્રિશા પટેલ Oxford Advantage Masterminds 2025-26 - School Winners શ્રુતિ ગોહિલ, અર્વિકા, વૈષ્ણવી, જિયાંશી પટેલ Oxford Big Read (ReadingBuddy) - School Winnersત્રિશા શાહ, મિષ્ટી યાદવ, દર્શ દર્જી વિદ્યાર્થીઓની આ સિદ્ધિ તેમની મહેનત, શિક્ષકોના સતત માર્ગદર્શન તથા વાલીઓના સહકારનું પરિણામ છે. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી, આચાર્ય અને શિક્ષકગણે તમામ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

## દેલોલ ગામે ખેતરની ઓરડીમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

કાલોલ : ગોધરા એલ.સી.બી.ના સ્ટાફના માણસો કાલોલ વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન સ્ટાફના અ.હે.કો. કિર્તેશકુમાર નટવરભાઈને ચોક્કસ ખાનગી બાતમીદારથી માહિતી મળી હતી કે, દેલોલ ગામે રહેતો જીગ્નેશભાઈ ઉર્ફે પાયલોટ મગનભાઈ રાઠોડ (લિસ્ટેડ બૂટલેગર) પોતાના ખેતરમાં બનાવેલી ઓરડીમાં વિદેશી દારૂ સંતાડી રાખીને તેનું ચોરી-છૂપીથી વેચાણ કરે છે. બાતમીના આધારે પોલીસે તપાસ કરતા ઓરડી ખુલ્લી હોવાથી તેની અંદર તપાસ કરતા પ્લાસ્ટિકની થેલીમાંથી માઉન્ટસ ૬૦૦૦ ઓરીજનલ સુપર સ્ટ્રોંગ બિયરના ૨૫ નંગ ટીન (૫૦૦ મી.લી., ૮% v/v, મધ્યપ્રદેશ બનાવટ) મળી આવ્યા હતા.

### ખેતરના કૂવાના માલિક સામે ગુનો દાખલ કરાયો

## બેઢિયા ગામે ખેતરના શેઢે લોખંડના ફેન્સિંગ તારમાંથી કરંટ લાગતા યુવકનું મોત

(પ્રતિનિધિ) કાલોલ, તા.6
કાલોલ તાલુકાના બેઢિયા ગામે ખેતરમાંથી પસાર થઈ રહેલા અર્જુનસિંહ ફતેસિંહ ચૌહાણ (ઉ.વ. ૫૫) અને તેમનો ભત્રીજો પ્રદીપકુમાર ગણપતસિંહ ચૌહાણ (ઉ.વ. ૨૭) રવિવારે સવારે આશરે સાડા નવેક વાગ્યે ગામમાં વેચાણ રાખેલા એક ખેતરની માપણી અને ભાગ પાડવા માટે મોટરસાયકલ લઈને નીકળ્યા હતા. રસ્તામાં કોતર હોવાથી તેઓ બાઈક સાઈડમાં મૂકીને ચાલતા-ચાલતા કંચનભાઈ મગનભાઈ પારેખના ખેતરના શેઢા પાસેથી પસાર થઈ રહ્યા હતા.તે દરમિયાન આગળ ચાલી રહેલો ભત્રીજો પ્રદીપકુમાર થોરની વાડમાંથી નીકળવા જતાં, ત્યાં ખેંચવામાં આવેલા લોખંડના ફેન્સિંગ તારને અડી ગયો હતો. આ તારમાં વીજ કરંટ ચાલુ હોવાથી પ્રદીપકુમારને જોરદાર કરંટ લાગ્યો હતો અને તે બૂમાબૂમ કરી જમીન પર ફસડાઈ પડ્યો હતો. તેના આખા શરીરે ખેંચ આવવા લાગી હતી અને ઘટનાસ્થળે જ તે બેભાન થઈ



ગયો હતો.બનાવને પગલે આસપાસના પરિવારજનો દોડી આવ્યા હતા. ફરિયાદીએ નજીકમાં આવેલા કૂવાના માલિક અર્જુનભાઈ શનાભાઈ ચૌહાણને ફોન કરીને પૂછતાં, કૂવા માલિકે સ્વીકાર્યું હતું કે તેમણે ગીરો રાખેલા ખેતરમાં ડાંગરનો પાક (ધરુ) વાવેલો હોવાથી, રાત્રિના સમયે ભૂંડ અને અન્ય જંગલી પશુઓ પાકને નુકસાન ન કરે તે માટે કૂવા પરથી લોખંડનો ફેન્સિંગ તાર લાંબો કરી તેમાં વીજ કરંટ ચાલુ કર્યો હતો. ગંભીર હાલતમાં પ્રદીપકુમારને ખડકી ટોલનાકાની એમ્બ્યુલન્સ મારફતે કાલોલ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો.

## દાહોદ ખાતે મોતિયાના મફત ઓપરેશન કેમ્પનુ આયોજન

(પ્રતિનિધિ) દાહોદ, તા.6
દાહોદની દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલ દ્વારા તારીખ ૦૭-૦૭-૨૦૨૬ થી ૨૭-૦૭-૨૦૨૬ સુધી દ્રષ્ટિ નેત્રાલય દાહોદ ખાતે મોતિયાના મફત ઓપરેશન કેમ્પનુ આયોજન કરવામાં આવેલ છે રોજ સવારના 8 વાગ્યાથી બપોરના 1:00 વાગ્યા સુધી દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલ ચાકલીયા રોડ દાહોદ જીઆઈડીસી પાસે મોતિયાના મફત તપાસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે આ નેત્રયજ્ઞ દાહોદ શહેર અને આસપાસના ગામોના ગરીબ અને જરૂરિયાતવાળા લોકો લાભ લે તે માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે આ નિદાન કેમ્પમાં મોતિયા ઝામર ત્રાંસી આંખ પડદા પરવાળા બાળ મોતીયા તમામ આંખની તકલીફ



વાળા દર્દીઓની તપાસ કરી દ્રષ્ટિ નેત્રાલય ખાતે ઓપરેશન વાળા દર્દીઓ માટે જમવાનું રહેવાનું તેમજ નેત્રમણી સાથે અત્યંત આધુનિક અને અધતન સગવડો થી સુસજ્જ દ્રષ્ટિ નેત્રાલય ખાતે મફત ઓપરેશન કરવામાં આવશે તપાસ કરાવવા આવનાર દર્દીઓએ રાશનકાર્ડ તેમજ આધાર કાર્ડની ઝેરોક્ષ સાથે એક સગાને લાવવો ફરજિયાત છે

## ફતેપુરા વિધાનસભાના ધારાસભ્ય રમેશભાઈ કટારા ખેતીમાં જોતરાયા

(પ્રતિનિધિ) ફતેપુરા, તા.6
ફતેપુરા 129 વિધાનસભાના ધારાસભ્ય અને રાજ્યકક્ષાના મંત્રી એવા રમેશભાઈ કટારા દ્વારા પોતાના ગામ હિગલા ખાતે ખેતીના સીઝનમાં પોતાના ખેતરમાં બળદ સાથે હળ જોડી વાવણી કરતા જોવા મળ્યા હતા સાદગી ભર્યું જીવન જીવી લોકોની ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું ધારાસભ્ય બન્યા પછી કે મંત્રી બન્યા પછી મોટાભાગના રાજનેતાઓ મોટી મોટી આલી શાન ઓફિસમાં માં કે એસી ગાડીઓમાં ફરતા જોવા મળે છે મોટાભાગનું કામ મજુર પાસે કરાવતા હોય છે પરંતુ ફતેપુરા 129 વિધાનસભાના ધારાસભ્ય રમેશ કટારાએ સાદગી ભર્યું જીવન જીવી પોતાના ખેતરમાં પોતે જ કામ કરી પોતે જ વાવણી કરીને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું



છે એક ખેડૂત નો પુત્ર પોતાની કર્મનિષ્ઠ સેવા સમજી કોઈ મોટો કાફલો નહીં કે કોઈ પણ પ્રોટોકોલ વગર પરંપરાગત એક ખેડૂત પુત્ર વાવણી કરતા જોવા મળ્યા હતા આ સરળ અને નિખાલસ સ્વભાવ માણસ ગમે તેટલો ઊંચો હોદ્દો પ્રાપ્ત કરે પરંતુ પોતાની સંસ્કૃતિ અને પોતાના વ્યવસાય સાથે હૃદયથી જોડાઈને પોતાના કાર્યને જ પોતાનું કર્મનિષ્ઠ સમજી નિખાલસ સ્વભાવે કામ કરી અન્ય લોકોને એક પ્રેરણા રૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે

## સિંગવડ તાલુકામાં PM આવાસના પૈસા માટે લાભાર્થીઓના ધક્કા

સિંગવડ, દાહોદ: કેન્દ્ર સરકારની ગરીબો માટેની પ્રધાનમંત્રી આવાસ યોજના સિંગવડ તાલુકામાં કાગળ પર જ સીમિત રહી ગઈ છે. છેલ્લા 2 વર્ષથી આવાસ પૂર્ણ કરી ચૂકેલા લાભાર્થીઓને હપ્તાના રૂપિયા મળતા નથી અને કચેરીના ધક્કા ખાવા મજબૂર બન્યા છે. "ઘર પૂરું થઈ ગયું, પણ પૈસા નથી" પણ આજ સુધી બીજો/ત્રીજો હપ્તો ખાતામાં આવ્યો નથી. જ્યારે કચેરીમાં પૂછવા જઈએ ત્યારે જવાબ એક જ મળે: "ગ્રાન્ટ નથી, ડાયરી પૂર્ણ નથી. હવે ટ્રેઝરીમાંથી પૈસા આવશે". ટ્રેઝરીમાં જઈએ તો ત્યાં પણ "ગ્રાન્ટ આવી નથી" એમ કહીને પાછા મોકલી દેવાય છે. લાભાર્થીઓનો આક્ષેપ છે કે જેનું કામ 50% પણ પૂરું નથી એવા લોકોને "પૂર્ણ" નો ચેક મળી જાય છે, અને જેણે પરસેવો પાડીને આખું ઘર બનાવી દીધું છે એને વર્ષોથી રખડાવવામાં આવે છે.

### કાલોલ અંબાલા કેનાલ રોડ પરની ઘટના

## બિનવારસી નંબર પ્લેટ વગરની એકટીવા સાથે વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.2
કાલોલ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારી અને તેમની ટીમ અંબાલા ગામ પાસે નર્મદા કેનાલના પુલ નજીક પેટ્રોલિંગમાં હતા. પોલીસે તેને રોકીને પંચોની હાજરીમાં તપાસ કરતા થેલામાંથી ભારતીય બનાવટના પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂ 'ગ્રે વોલ્ફ જામુન ઈ મિન્ટ વોડકા' ના ૧૮૦ મિલીના ૧૦ પ્લાસ્ટિકના ક્વાટર મળી આવ્યા હતા.પોલીસે સ્થળ પરથીવિદેશી દારૂના ક્વાટર (૧૦ નંગ): કિંમત રૂ. ૧,૦૦૦/-,એકટીવા ગાડી: આશરે કિંમત રૂ. ૨૫,૦૦૦/- કુલ મુદ્દામાલ: રૂ. ૨૬,૦૦૦/- પોલીસે એકટીવા ચાલક શૈલેશકુમાર ઉર્ફે નંદુ રમણભાઈ રાઠોડ (ઉં.વ. ૨૬, રહે. ઝરના મુવાડા,



કાલોલ) ને ઝડપી લીધો હતો. પકડાયેલા આરોપી શૈલેશકુમારની પૂછપરછ કરતા તેણે કબૂલાત કરી હતી કે આ દારૂનો જથ્થો તેને અંબાલા ગામના પ્રદીપકુમાર કૌશિકભાઈ રાઠોડ નામના વ્યક્તિએ વેચવા માટે આપ્યો હતો અને તે પ્રદીપકુમાર ત્યાં નોકર તરીકે કામ કરતો હતો. પોલીસ રેઈડ દરમિયાન આરોપી પ્રદીપકુમાર રાઠોડ હાજર મળી આવ્યો ન હતો.

### સ્માર્ટ સિટી દાહોદમાં શહેરીજનો ઉપર સમસ્યાઓની ભરમાળ

## જનતાને પ્રાથમિક સુવિધાઓ આપવામાં દાહોદના નેતાઓ ઉણા ઉતર્યા:નાગરિકો

(પ્રતિનિધિ) દાહોદ, તા.6
દાહોદ શહેર ને દેશના તેજસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબ દાહોદ માં રહી ચૂક્યા હોય તેમનું સ્વપ્નું હતું કે દાહોદ નો વિકાસ થાય અને દાહોદની તમામ જનતાને તમામ પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે આશય થી દેશ માં દાહોદ નગર પાલિકા ને સ્માર્ટ સિટી ની જાહેરાત કરી અને કરોડો રૂપિયા પણ ખર્ચ કરવા મોકલ્યા અને દાહોદ નો વિકાસ થાય જનતા સુખી આનદ મંગળ માં રહે પરંતુ દાહોદ ના નમાલા નેતાઓ ના પાપે આજે પણ જનતા સમસ્યાઓ ની ભરમાળ મા જીવી રહી છે દાહોદ ના નેતાઓ અધિકારીઓ પોતાના જ રોટલા શેકવામાંથી નવરાશ થતી નથી તો શું એ જનતાનું ભલું કરી શકે જનતા ને પડતી સમસ્યાઓ પ્રત્યે કોઈ ધ્યાન દોરતા નથી અને પોતાની વાહવાહી સોશિયલ મીડિયામા બસ રચ્યા પચ્યા રહે છે જયારે જયારે કોઈ નાના મોટા ફંકશનો થાય ત્યારે ત્યારે પોતાની વાહવાહી કરવા માટે મોદી સાહેબ ની મોકલેલ ગ્રાન્ટો અને તેના મોકલેલ કરોડો રૂપિયા ના આંકડા લખી લાવે છે અને તે તેમના ભાષણ મા મોટા અવાજે જાણે પોતાના પૈસા થી વિકાસ ના કામો કરાવતા હોય તેવી મોટી મોટી ડંફાસો મારતા હોય છે ફક્ત ને ફક્ત યોજનાઓ ના નામ અને તેના પાછળ થયેલ ખર્ચ ની યાદી વારંવાર પોતાના ભાષણ મા બોલતા હોય છે

યોજના કેટલી પૂર્ણ થઈ છે અને કેટલી બાકી છે તેમાં કેટલી ખાયકી થઈ છે તે બધું જાણતા હોવા છતાં બોલી શકતા નથી શું દાહોદ સાંસદ અને દાહોદ ધારાસભ્ય ની ફરજ મા નથી આવતું આ યોજનાઓ નું કેટલું કામ થયું છે કેવું થયું છે ટેન્ડર ના હિસાબે કામ પૂર્ણ થયું છે કે નહીં પરંતુ તેઓ ફક્ત ને ફક્ત મોદી સાહેબ ના નામ ઉપર પોતાને શાબાસી લેવી ગ્રાન્ટ નો રૂપિયો ક્યાં અને કેવી રીતે ખર્ચ થયો છે તેની કોઈ તપાસ કરવાની ફુરસત લેતા નથી દાહોદ ધારાસભ્ય ની પણ આ તમામ બાબતો ઉપર ધ્યાન દોરવું જોઈએ નગર પાલિકામા ચાલતા તમામ કામો ઉપર ધ્યાન દોરવું જોઈએ પરંતુ દાહોદ ધારાસભ્ય પાસે પણ સમય નથી ફક્ત કાર્યક્રમોમા વ્યસ્ત છે તેવી નાગરિકોમાં ચર્ચા છે.